PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૨/ક્વા–૦૨/૧૬–૧૭/ 6045 તા. 04/10/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રજનીકભાઈ દામજીભાઈ કોટડીયા,
C/O, શ્રી મારૂતી,
અવધ ટાવર, આસ્થા રેસી. પાસે,,
૧૫૦ ફુટ રીંગ રોડ,
મવડી,
રાજકોટ
મો: ૯૩૨૭૪ ૭૭૪૫૬

વિષય :–ટેમ્પરરી ડિપોઝીટ રીફંડ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૨/ક્વા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ -- રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



NO:. 06 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


કેસ નં. : સીજીઆરએફ : ૯૨/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૯–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ રજનીકભાઈ દામજીભાઈ કોટડીયા,ગામઃ રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : મવડીરોડ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

### ફરીયાદ : ટેમ્પરરી ડિપોઝીટ રીફંડ બાબત

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના રદબાતલ થયેલ હંગામી સીગલફેઇઝ જોડાણ ની, અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ ડિપોઝીટ ની રકમ રૂ.૧૦,૦૦૦/–, પરત મેળવવા માટે, તા.૨૬–૦૫–૧૬ ના રોજ લેખીત અરજી આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી, સદર ગણતરી અન્વયે ની, આખરી રકમ પરત કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના કાયમી ધોરણે રદબાતલ કરાયેલ, હંગામી જોડાણ મા, અગાઉ તા.૧૪–૧૦–૧૫ ના રોજ ભરપાઈ થયેલ, ડિપોઝીટ ની રકમ રૂ.૧૦,૦૦૦/– માહેની, હિસાબકીય ગણતરી બાદ ની, બાકી રહેતી લેણી રકમ, પરત મેળવવા માટે તેઓએ મવડી રોડ, પેટા વિભાગીય કચેરી ખાતે તા.૨૬–૦૫–૧૬ ના રોજ વિધીસર ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને, પરત આપવા પાત્ર થતી રકમ રૂ.૯,૪૨૪/– નો, તા.૧૯–૦૯–૧૬ નો, ચેક નં.૪૦૯૮૬૪, જે અરજદાર શ્રી ને આપી, અને તેમની ફરીયાદ નુ, સુખઃદ નિરાકરણ પીજીવીસીએલ તરફથી કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી હેઠળ, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની, પરત ચુકવવા પાત્ર થતી રકમ રૂ.૯,૪૨૪/– નો, તા.૧૯–૦૯–૧૬ નો, ચેક નં.૪૦૯૮૬૪, જે પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ,પીજીવીસીએલ કક્ષાએથી, સુખઃદ નિરાકરણ પીજીવીસીએલ તરફથી કરાયેલ છે. ફરીયાદી અરજદાર તરફથી આ બાબતે ની પૂર્તતાઓ, ટેલીફોનીક સ્પષ્ટતાઓ સાથે, ફોરમ દફતર મા કરેલ છે. |

મુદદા નં.-૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ,અરજદાર શ્રી ની, જાણકારી અને સંતોષ હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**( એમ.એન. ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર **રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે **ભરપાઈ** કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\RRC JUDGE\2016\29 SEP 16.doc